| 150 YEARS OF CELEBRATING THE MAHATMA | મહેકમ વિભાગ<br>ભાવનગર મહાનગરપાલિકા | स्वच्छ भारत<br>एक कदम स्वच्छता की ओर |
|---|---|---|

ક્રમાંક /મહેકમ/ક/ ૯૬ તા. ૨૭/૦૯/૨૪

વિષય - વેટરનરી ઓફિસર તરીકે પ્રબોશન ઉપર નિમણુંક આપવા બાબત.

સંદર્ભ:- વેટરનરી ઓફિસર સંવર્ગની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમિતિનો તા.૨૪/૦૯/૨૦૨૪ નો અહેવાલ.

---

હુકમ -:

ભાવનગર મહાનગરપાલિકામાં વેટરનરી ઓફિસર સંવર્ગની ભરતી કરવા માટે તા.૨૦.૦૯.૨૦૨૪ના રોજ મૌખિક કસોટી લેવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ દર્શીત અહેવાલ અનુસાર નીચે જણાવેલ ઉમેદવારને ભાવનગર મહાનગરપાલિકામાં તેઓના નામ સામે દર્શાવેલ વિભાગમાં લીયન રાખી વેટરનરી ઓફિસર સંવર્ગમાં સાતમાં પગાર પંચ મુજબ લેવલ -૮ પે મેટ્રીક્ષ સ્કેલ રૂ.૪૪૯૦૦ - ૧૪૨૪૦૦માં બેઝિક પગાર તથા તેના પર મળવા પાત્ર ધોરણસરનાં ભથ્થાથી હાજર થયા તારીખથી બે વર્ષનાં પ્રોબેશન પીરીયડ ઉપર આ સાથે સામેલ પરિશિષ્ટ -એ મુજબની શરતોથી નિમણુંક કરવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | કેટેગીરી | નિમણુંકની કેટેગીરી | નિમણુંકનો લીયનનો વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી હિતેષકુમાર રાઘવભાઇ સવાણી | જનરલ | જનરલ | પશુત્રાસ નિયત્રણ |

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલજાણ તથા અમલ થવા સારૂ :-

(૧) શ્રી ..............................................

(૨) ..............................................વિભાગ

(3) ઓડીટ વિભાગ

(૪) એકાઉન્ટ વિભાગ

(૫) પી.એ.ટુ.કમિશ્નરશ્રી

(૬) સે.એ.વિભાગ

(૭) કોમ્પ્યુટર વિભાગ...... ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

(૮) સબંધીત પ્રકરણે

ignature Not Verified
igned by:Sujeet Kumar
unicipal Commissioner
ate: 2024.09.27

પરીશીષ્ટ-એ

-:: શ ર તો ::-

**(૧)** આ હુકમ મળ્યેથી દિવસ-૧૫ માં મહેકમ વિભાગમાં ફરજ પર હાજર થવા નું રહેશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હુકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રાજીના મું મંજુર થયાનો આધાર રજુ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નીતિ નક્કી કરે તે બંધન રહેશે.

(૪) આ નિમણુંક ભાવનગર મહાનગરપાલિકા સેવા (ભરતી-બઢતી) નિયમો-૨૦૧૬ ની સ.સ.ઠ.આંક-૧૧૫, તા.૧૯/૩/૨૦૧૬ થી સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ અમલ કરવા થયેલ ઠરાવ મુજબ તથા આ નિયમોની સરકારશ્રીની મંજુરીને આધીન તથા ગુજરાત હાઈકોર્ટમાં ભાવનગર મહાનગરપાલિકા વિરૂધ્ધ સ્પે.સી.એ. નં.૧૩૮૪૬/૨૦૧૫ માં થનાર અંતિમ નિર્ણયને આધીન રહેશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સ ર્ટીફીકેટ તેમજ શૈક્ષાણિક લાયકાત અંગેનાં તમામ પ્રમાણ પત્રોની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજુ કરવાની રહેશે.

(૬) અત્રેની સુચના મુજબ સરકારી દવાખાનાનું શારીરીક ફિટનેશ નું પ્રમાણપત્ર ફરજ પર હાજર થયેથી

છ-માસમાં રજુ કરવાનું રહેશે. ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થયેથી નિમણુંક આપો આપ રદ ગણાશે.

(૭) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર **CCC+** પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૮) ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવનાર તાલીમ લેવાની રહેશે તેમજ ખાતાકીય પરીક્ષ પાસ કરવાની રહેશે, તેમ કરીએથી જ અજમાયશીનો સમયગાળો પૂર્ણ કરવામાં આવશે.

(૯) ભાવનગર મહાનગરપાલિકાના તા.૨૫/૭/૧૧ ના હુકમ મુજબ વ ર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

**(૧૦)** ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓનાં ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે. તથા કોઇ ગુનો નોંધાચેલ છે કે નહી તે અગેનું નજીકના પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

**(૧૧)** જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

**(૧૨)** નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર ભરપાઈ કરવાનો રહેશે.

**(૧૩)** અજયમાશી સમયગાળા દરમ્યાનની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આ નિમણુંક તદન હંગામી અને કામચલાઉ ધોરણે ગણાશે.

**(૧૪)** આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે.આ હુકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે, તેમ માનવામાં આવશે.

**(૧૫)** કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહિં જાહેર રજાના દિવસોએપણ સરકારી/ કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં.

**(૧૬)** કાર્યમથક પરનાં રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

Signature Not Verified
Signed by:Sujeet Kumar
Municipal Commissioner
Date: 2024.09.27

File No: BMC/REC/e-file/340/2024/5281/Administration
Approved By: Municipal Commissioner,Commissioner office,BMC

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*